ડી.એલ.આર. કચેરીના સૂચક મૌન સામે સવાલ

અરવલ્લીમાં ૬ સર્વેયર છતાં જમીન માપણી માટે ખેડૂતોને પરેશાની : સરકારી લાયસન્સ ધરાવતા સર્વેયરોની મનમાની સામે વધતો આક્રોશ

બાયડ, તા. ૩

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા માટે સરકારી સર્વેયરની નિયુક્તિ કરવામાં આવી છે છતાં સરકારી લાયસન્સ ધરાવતા ખાનગી સર્વેયરની મનમાની સામે અનેક ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કર્યો છે. ડી.એલ.આર. કચેરીમાં બધું યોગ્ય ચાલતું નથી તેવા આરોપ લાગ્યા છે. જિલ્લામાં થયેલી માપણીની પુનઃ ચકાસણી થાય તો મોટું ભોપાળું બહાર આવે તેમ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ડી.એલ.આર. કચેરી સામે ૧૫૦૦૦ થી વધુ ખેડૂતોનો આક્રોશ છૂપો રહ્યો નથી. જરૂરી ફી સાથે માપણી માટે ડી.એલ.આર. કચેરીમાં દરખાસ્ત મોકલવામાં આવે તો પણ અધિકારીઓ લાયસન્સધારી સર્વેયરોથી ડરતા હોય તેવી સ્થિતિ જોવા મળી છે. કેટલાક ખાનગી લાયસન્સ સર્વેયરોની તો જાણે કે અરવલ્લી ડી.એલ.આર. કચેરીમાં કાયમી નિયુક્તિ થઈ હોય તેમ ટેબલ ઉપર અડીંગા જમાવી દીધા છે. કેટલાક કિસ્સાઓમાં બિલ્ડરો સાથે સાંઠગાંઠ રાખીને મોટાખેલ પાડતા હોવાની લોકચર્ચા પણ છે. ત્યારે જિલ્લા કલેક્ટરે અરવલ્લી ડી.એલ.આર. ઘેરીની સરપ્રાઈઝ મુલાકાત લઈ ત્યાં હાજર મુલાકાતીઓની વિગત મેળવે તો સરકારી સર્વેયરોનો કોઈ ભાવ પૂછતું નથી અને લાયસન્સધારી ખાનગી સર્વેયરોની કેટલી બોલબાલા છે તેનો સાચો આયનો બહાર આવે. ગાબટ તેમજ ઉટરડા વિસ્તારના ખેડૂતોએ જણાવ્યું કે ચેરીમાં અનહદ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને ખેડૂતો લૂંટાઈ રહ્યા છે જેના કારણે ભાજપ સરકારની છબી ખરડાઈ રહી છે.

તલાટીની જેમ સર્વેયર આપો : કચેરી

અરવલ્લી ડી.એલ.આર. કચેરીનો સંપર્ક કરતાં જાણવા મળ્યું કે ૬ તાલુકામાં ૬ સર્વેયરોની સરકારે નિયુક્તિ કરી છે અને માપણી માટે વધુ માંગણીઓ આવતી હોવાથી ખાનગી સર્વેયરને કામગીરી સોંપવામાં આવે છે. જેમ ગ્રામ પંચાયત દીઠ તલાટી છે તેમ ૧૦ થી ૧૫ ગામ દીઠ સર્વેયરની ભરતી થવી જોઈએ તેમ જણાવી પોતાની ક્વેરી ઉપર લાગેલા ગંભીર આરોપોને દૂર હડસેલવાના પ્રયાસ કર્યા હતા.

સાબરકાંઠામાં કોરોનાના નવા ૯૫, અરવલ્લીમાં ૧૩ પોઝિટિવ કેસ

બાયડ, તા. ૩

રાજ્યમાં કોરોના સંક્રમણ ધીમું પડ્યું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના કેસમાં ઘટાડો થવાના બદલે વધારો થયો છે. બુધવારે સાબરકાંઠા નવા ૯૫, અરવલ્લીમાં ૧૩ પોઝિટિવ કેસ આવ્યા છે જેના કારણે ચિંતા વધી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાની ત્રીજી લહેર હવે મંદ પડતી હોવાનું અનુમાન આરોગ્ય વિભાગે લગાવ્યા પછી રાજ્ય સરકાર દ્વારા વસંતપંચમીના દિવસથી અઢળક લગ્નો હોવાથી લગ્નના અવસરોમાં મોટી છૂટછાટ અપાય તેવી અટકળો ચાલી રહી છે. રાજ્યમાં ત્રીજી લહેરમાં સંક્રમણ ઘટ્યું પરંતુ વધતો મૃત્યુદર ચિંતાનું કારણ બન્યો છે. સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે પરંતુ સાબરકાંઠા અને અરવલ્લીમાં કોરોનાના કેસમાં ઉછાળો ચિંતાદાયક છે. જ્યારે સસ્પેક્ટેડ કેસ પણ વધુ હોવાનું બહાર આવ્યું છે. બુધવારે અરવલ્લી જિલ્લામાં નવા ૧૩ પોઝિટિવ કેસ સામે આવ્યા જેમાં મોડાસા તાલુકામાં ૮, ભિલોડા તાલુકામાં ૪ અને મેઘરજ તાલુકામાં ૧ પોઝિટિવ કેસ સામે આવ્યો છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં નવા ૯૫ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં હિંમતનગર તાલુકામાં ૪૦, ઈડર તાલુકામાં ૨૯, ખેડબ્રહ્મા તાલુકામાં ૧૦, તલોદ-પ્રાંતિજ તાલુકામાં ૬-૬, વડાલી-વિજયનગર તાલુકામાં ૨-૨ કેસ નોંધાયાનું જાણવા મળ્યું છે.

સીતવાડાના મેરાજીમાં એક જ્યોત પાઠ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સીતવાડા મેરાજી ખાતે મહા સુદ બે નો પરંપરાગત અલખ ધણીનો જ્યોત પાઠ યોજાય છે જેમા સંતો મહંતો ધર્મ પ્રેમી ઓ ઉપસ્થિત રહી અલખ ધણીને નમન કરી આરતીનો લાભ લીધો હતો. બોરીયા માઈ મંડળે જોરદાર ભજન કીર્તનની રમઝટ જમાવી હતી. યોગી સમાજના ચૂંદા ભગતે જ્યોત પાઠ પૂર્યો હતો. જ્યોત પાઠને સફળ બનાવવા શંકરસિંહ રાઠોડ તેંમજ તેમના પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

ગ્રામ્ય વિસ્તારોમાં દ્વિ-ચક્રી વાહનો ઉપર વિદેશી દારૂની બિન્દાસ ખેપ

જાયલા પાસે પોલીસે બાઈક ઉપર લઈ જવાતો રૂ. ૧૭,૨૮૦ વિદેશી દારૂ ઝડપ્યો : પોલીસે પીછો કરતાં ચાલક દારૂ સાથે પલ્સર બાઈક મૂકી ફરાર

બાયડ, તા. ૩

ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દ્વિ-ચક્રી વાહનો ઉપર વિદેશી દારૂની બિન્દાસ ખેપ શરૂ થઈ છે. ગતરોજ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન જાયલા ગામ પાસે પલ્સર બાઈક ઉપર લઈ જવાતો રૂ. ૧૭,૨૮૦ની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો છે. પોલીસે પલ્સર બાઈક ચાલકનો ફિલ્મી ઢબે પીછો કર્યો. દરમ્યાન ચાલક દારૂ સાથેનું બાઈક મુકી ફરાર થઈ જતાં ભિલોડા પોલીસે વિદેશી દારૂ તેમજ બાઈક સહિત રૂ. ૪૭,૨૮૦ નો મુદામાલ જપ્ત લીધો છે.

પોલીસની નિષ્ક્રિયતાથી બુટલેગરોને હવે કોઈનો ડર રહ્યો ન હોય તે રીતે વિદેશી દારૂની રેલમછેલ સાથે બિન્દાસ્ત હેરાફેરી થઈ રહી છે. ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું કટીંગ કરી ફોર વહીલર તેમજ દ્વિચક્રી વાહનોમાં કેરિયરો મારફતે વિદેશી દારૂની બોટલો અન્ય સ્થળે પહોંચાડાતી હોય છે. ગતરોજ ભિલોડા પોલીસની ટીમ સરકારી વાહન સાથે જાયલા રોડ ઉપર પેટ્રોલીંગમાં રવાના થઈ જે દરમ્યાન પલ્સર બાઈક પાછળ બાંધેલ કોથળામાં શંકાસ્પદ વસ્તુ લઈ જવાતી હોવાનું જાણવા મળતાં પોલીસે બાઈક ચાલકને થોભાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ચાલકે ધુમ સ્ટાઈલે બાઈક હંકારી પોલીસને ચકમો આપ્યો. પોલીસે પણ પીછો કર્યા બાદ જાયલા રોડ પાસે દારૂ સાથે પલ્સર બાઈક મળી આવ્યું હતું જેથી પોલીસ દ્વારા પલ્સર બાઈક ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

રજૂઆતો આખરે રંગ લાવી

જિલ્લાના ૮૦૦ સસ્તા અનાજના દુકાનદારોના કમીશનમાં વધારાની હીલચાલ

મોંઘવારી વધતાં ઓછું કમીશન દુકાનધારકોને પરવડતું નથી

બાયડ, તા. ૩

રાજ્યની સસ્તા અનાજની દુકાનદારો દ્વારા વધતી મોંઘવારીમાં આચમનરૂપ મીશન સામે નારાજગી વ્યક્ત કરી આંદોલન પણ કર્યા છે. આખરે ભાજપની નવી સરકારમાં તેનો સુખદ ઉકેલ આવી શકે છે. સસ્તા અનાજ દુકાનદારોને ચોખા, ખાંડ અને ઘઉંમાં ૧૦૦ કીલોગ્રામ દીઠ ૧૫૦ નું કમીશન વધે તેવી ધારણા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮૦૬ દુકાનદારો માટે કમીશન વધશે તો કોરોના કાળમાં બુસ્ટર ડોઝ સમાન પૂરવાર થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના ૮૦૬ થી વધુ દુકાનદકારો પૈકી ૬૨ દુકાનદારો સરકારી અનાજનો જથ્થો સગેવગે કરવાના ષડયંત્રમાં સામેલ હોવાનું બહાર આવ્યા પછી તપાસનું ડીંડક શરુ થયું અને અત્યાર સુધીમાં ૬ દુકાનદારોના માત્ર ૯૦ દિવસ પરવાના રદ કરી સંતોષ માન્યો હતો. ત્યારબાદ તંત્રએ આગળ શું કાર્યવાહી કરી ?? તે મુદ્દે બોલવાનું કે જણાવવાનું બંધ કરતાં ઉચ્ચ કક્ષાએથી જ સરકારી અનાજ ઓહીયા કરવાના જથ્થા ઉપર પાણી રેડવા જેવો પ્રયાસ થયાની ચર્ચા ચાલી છે. રાજ્યના તમામ દુકાનદારો કમીશન વધારવાની માંગ કરતા આવ્યા હતા. ત્યારે આખરે દુકાનદારોની વાત સરકારે સાંભળી હોય તે રીતે ચોખા અને ઘઉંમાં ક્વિન્ટલ દીઠ હાલ રૂ. ૧૦૮ અને ખાંડમાં ક્વિન્ટલ દીઠ રૂ. ૬૦ નું કમીશન મળે છે અને તેમાં કમીશન વધારીને ૧૫૦ ની નજીક આપવાનો નિર્ણય લેવાઈ શકે છે. તેલના પાઉચમાં પણ કમીશનમાં ૨ થી ૩ નો વધારો થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

વધુ વેપલો ઓછું કમીશન પરવડતું નથી : દુકાનદારો

કેટલાક દુકાનદારોએ જણાવ્યું કે ભાડાની દુકાનમાં સસ્તા અનાજનું વેચાણ કરીએ છીએ. મોંઘવારી વધી છતાં કમીશનમાં કોઈ વધારો થયો નથી અને સરકારી ગોડાઉનમાંથી આવતા અનાજ અને ખાંડના જથ્થામાં બોરી દીઠ ૨ થી ૫ કીલોની ઘટ અમારે ભોગવવી પડે છે. વધુ વેપલો, ઓછું કમીશન અને વજન ઘટના કારણે સસ્તા અનાજના દુકાનદારો પાયમાલ થઈ ગયા હતા. કમીશન વધારવા માટેની લાંબા સમયથી સરકાર અને પુરવઠા વિભાગ સમક્ષ માંગ કરવામાં આવી હતી હવે લાગે છે કે થોડીઘણી રાહત થશે.

ભિલોડા સરકારી તાલુકા પુસ્તકાલયમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે પુસ્તકોનું પ્રદર્શન કરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે સરકારી તાલુકા પુસ્તકાલયમાં " આઝાદી કા અમૃત મહોત્સવ " પર્વ નિમિત્તે આઝાદીને લગતા સાહિત્યો, ઝવેરચંદ મેઘાણીજી, સ્વામી વિવેકાનંદજીના સાહિત્યોના ૮૦૦ થી વધુ પુસ્તકોનું મહાપ્રદર્શનનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં જયેન્દ્રકુમાર એમ. મકવાણા (બ્રાન્ચ મેનેજર, બેંક ઓફ બરોડા, ભિલોડા), આર.ડી.પરમાર ,મદદનીશ ગ્રંથાલય નિયામક, અમદાવાદ વિભાગ, અમદાવાદ, દિનેશભાઈ એન.ચૌહાણ (બેંક ઓફ બરોડા,ભિલોડા), વાચંકોની હાજરીમાં પુસ્તક પ્રદર્શન વાચકો અને જાહેર જનતા માટે પુસ્તક પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. કાર્યક્રમનું સફળ સંચાલન મદદનીશ ગ્રંથપાલ દિનેશભાઈ એચ.પરમાર સહિત ગ્રંથાલય પરીવાર દ્વારા કરાયું હતુ.

સાબરકાંઠા-અરવલ્લીમાં પાણીજન્ય રોગથી પેયજળની શુદ્ધતા સામે સવાલ

ગ્રામ્ય વિસ્તારોમાં પથરીના દર્દીઓમાં ધરખમ વધારો

બાયડ તા.૦૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી પાણી જન્ય રોગનો પ્રભાવ વધતો જાય છે. જિલ્લામાં ખાસ કરીને પથરીના દર્દીઓની સંખ્યામાં રોજ વધારો થતો હોવાથી પીવાના પાણીની શુદ્ધતા સામે અનેક સવાલો ઉભા થયા છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની પ્રજા આજે પણ પાણીના સ્વરૂપમાં ઝેરના ઘૂંટડા ભરતી હોય તેમ પાણીને લગતી અનેક બિમારીઓ પ્રજામાં જોવા મળી રહી છે.

જિલ્લામાં શહેરી વિસ્તારોને પ્રજા આજે શુદ્ધ મીનરલ વોટરનો ઉપયોગ કરી રહી છે પરંતુ ગ્રામ્ય પ્રજાએ તો વારીગૃહના પાણી ઉપર જ આધાર રાખવો પડતો હોય છે અને વિતરણ થતા પાણીમાં અનેક અશુદ્ધિઓ ભળેલી હોવાથી જીવન ગણાતું પાણી ગ્રામ્ય પ્રજા માટે રોગનું કારણ બની રહ્યું છે. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીમાં ફ્લોરાઈડ સહિત અન્ય અશુદ્ધિઓનું પ્રમાણ વધતાં અગાઉ ગ્રામ્ય સ્તરે પાણીનું પરીક્ષણ થઈ શકે તેવા પ્રયાસો હાથ ધરાયા હતા પરંતુ પાણીના પરીક્ષણની તાલીમ લેનારા અને ખુદ પ્રજાએ પણ વધુ રસ દાખવ્યો ન હોવાથી પાણી પરીક્ષણની બાબત જ હવે વિસરાઈ ગઈ છે.

જિલ્લામાં પીવાના પાણીની શુદ્ધતા બાબતે ગ્રામ પંચાયતો પણ જાગૃત ન હોવાથી અશુદ્ધ પાણીના કારણે પ્રજામાં બિમારીઓ વધતી જઈ રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજા પાણીના સ્વરૂપમાં ધીમું ઝેર પેટમાં પધરાવતી હોય તેમ પથરીના દર્દીઓમાં ધરખમ વધારો થતો જાય છે. જિલ્લામાં પાણીજન્ય કમળાનો રોગ ફેલાય ત્યારે આરોગ્ય તંત્ર પણ દોડતું થઈ જતું હોય છે અને આ રોગ વધુ ન ફેલાય તે માટેના પ્રયાસો હાથ ધરાતા હોય છે પરંતુ અશુદ્ધ પાણીથી પથરીના દર્દીઓની સંખ્યામાં રોજ વધારો થતો જતો હોવા છતાં તેની ગંભીરતા લેવાતી નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પથરીના દર્દીઓની સંખ્યા વધતી જઈ રહી છે ત્યારે જિલ્લાના જવાબદાર તંત્ર દ્વારા પ્રજાને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેવા ગામે ગામ પ્રયાસો હાથ ધરાય તે જરૂરી બની રહ્યું છે.

હિંમતનગરના યુવા કલાકાર રાજન વ્યાસે જિલ્લાનું ગૌરવ વધાર્યુ

હિંમતનગર, તા. ૩

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના સાંસ્કૃતિક સેલ દ્વારા તાજેતરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યકક્ષાએ એકપાત્રિય અભિનય સ્પર્ધા ઓનલાઈન યોજવામાં આવી હતી.

જમાં હિંમતનગરના યુવા કલાકાર રાજન વ્યાસ ઓપન કેટેગરીમાં દ્વિતિય વિજેતા થતાં તેમનું કમલમ ખાતે તા. ૧-૨-૨૨ના રોજ ઉત્તર ગુજરાત સાંસ્કૃતિક સેલના સંયોજક અજય બારોટના હસ્તે પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય સાંસ્કૃતિક સેલના સંયોજક બિહારી હેમુ ગઢવી, જનક ઠક્કર, ઉત્તર ગુજરાત સાંસ્કૃતિક સેલના સંયોજક મનુ રબારી, ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી શ્રદ્ધા ઝા, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના પૂર્વે ચેરમેન યોગેશ ગઢવી, કર્ણાવતી સાંસ્કૃતિક સેલના સંયોજક અભિલાષ ઘોડા, હિંમાંશુ ચૌહાણ, જાણીતા નાટ્યકાર વિરલ રાચ્છ, વૈભવ દેસાઈ, નયન ભટ્ટ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠાના ૯,૦૦૦થી વધુ દિવ્યાંગોને એસ.ટી. બસમાં વિનામૂલ્યે મુસાફરી પાસનો લાભ અપાયો

બાયડ તા.૩

રાજ્ય સરકાર દિવ્યાંગો પોતાના પગભર બને અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લાભ મળી રહે તે માટે સમાજ સુરક્ષા વિભાગ દ્વારા યોજનાઓને અમલી બનાવી છે.

આ યોજનાઓ અંતર્ગત સાબરકાંઠાના દિવ્યાંગ વ્યક્તિઓને જુદી જુદી આર્થિક અને ભૌતિક સહાય આપવમાં આવી છે. સાબરકાંઠામાં શારીરિક ખોડ ખાંપડ વિષયક ખામી ધરાવતી વ્યક્તિ,અંધ,બહેરા-મુંગા અને મંદબુદ્ધિવાળાં કુલ ૯૬૪૧ વ્યક્તિઓ "દિવ્યાંગ બસ મુસાફરી ઓળખપત્ર" થકી મન ફાવતી બસમાં મુસાફરીનો લાભ લઈ રહ્યા છે જ્યારે ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેંશન યોજના અને સંત સુરદાસ સહાય યોજના અંતર્ગત ૮૦ ટકા દિવ્યાંગતા ધરાવતા અને ગરીબી રેખા નીચે જીવન જીવતા જિલ્લાના કુલ ૧૧૯૫ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૬૨૮૮૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતાં ધરાવતા કુલ ૭૫૯ મનોદિવ્યાંગ લાભાર્થીઓને ચાલુ વર્ષમાં રૂ.૪,૩૩,૧૦૦૦ની સહાય આપવામાં આવી છે. દિવ્યાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો અનેક લોકોને પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુનઃસ્થાપન થાય તે હેતુથી દિવ્યાંગજનોને સાધન સહાય યોજના અંતર્ગત સાબરકાંઠામાં છેલ્લા વર્ષ દરમિયાન ૧૨૪ લાભાર્થીઓને રૂ.૫૬૭૦૦૦ના સાધન સહાય પુરી પડાઈ છે. ચાલુ વર્ષે કુલ ૧૪૫ લાભાર્થીઓને રૂ.૮૧૦૦૦ની સાધન સહાય અપાઈ છે. સહાય થકી આર્થિક ઉપાર્જનમાં સહાયરૂપ બનશે તેમજ શાળા/કોલેજમાં અભ્યાસ કરતા ૪૯૬ દિવ્યાંગ વિદ્યાર્થીઓને રૂ.૫૮૧૦૦૦ની શિષ્યવૃતિ સહાય આપવામાં આવેલ છે. દિવ્યાંગ લગ્ન સહાય હેઠળ જિલ્લામાં ૩૮ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૯૦૦૦૦૦ સહાય પુરી પડાઈ છે.

સાબરકાંઠા જિલ્લામાં દિવ્યાંગ લાભાર્થીઓ માટે યુ.ડી.આઈ.ડી.કાર્ડ પ્રોજેક્ટ હેઠળ ૧૨૪૮૭ યુ.ડી.આઈ.ડી કાર્ડ જનરેટ કરાયા છે.જેનાથી તેમની આગવી ઓળખ પ્રસ્થપિત કરી શકે, દિવ્યાંગોના જીવનમાં એક નવો ઉજાશ પથરાય અને તેઓ સમાજમાં માનભેર જીવન જીવી શકે તેવા ઉજળા અવસર રાજ્ય સરકાર પુરા પાડી રહી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાની આવક શરૂ : લગ્નની સીઝનમાં ખેત મજૂર ન મળતાં ખેડૂતો મુશ્કેલીમાં

ખેતરો બટાટાની પાક ઉપજથી છલકાયાં

બાયડ તા.૦૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાની આવક શરૂ થઈ છે જયારે લગ્નોની સીઝનમાં ખેતમજુરો ન મળતાં ખેડૂત પરિવારોને તમામ કામો પડતા મૂકી બટાટા કાઢવાની કામગીરીમાં ફરજીયાત જોડાઈ જવાની ફરજ પડી છે. જિલ્લામાં આ વર્ષે ઠંડીની મેરેથોન ઈનિંગથી બટાટાની મબલખ આવક થયાનું કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું.

ઉત્તર ગુજરાતમાં આ વર્ષે પણ બટાટાની મબલખ ખેતી થઈ હતી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બટાટાની ખેતી પ્રત્યે ખેડૂતોનો લગાવ જગજાહેર છે ગત વર્ષે બટાટાનું બમ્પર ઉત્પાદન થયું હતું તેમજ ભાવ તળીયે બેસી જતાં ખેડૂતોના કોલ્ડ સ્ટોરેજમાં રહેલા બટાટા ઓછા ભાવને લઈને ફેંકી દેવાની નોબત આવી હતી છતાં ખેડૂતો સૌ સારાવાનાં થશે તેમ વિચારી આ વખતને પણ કચ્ચારા, લોકર, બાદશાહ, ફૂકરી બટાટાની ખેતી કરી હતી. ઓક્ટોબર માસના અંત અને નવેમ્બર માસના પ્રારંભમાં બટાટાની વાવણી પૂર્ણ થઈ હતી અને ત્યાર પછી ખેડૂતોએ સિંચાઈ યોજનાઓ મારફતે બટાટાની ખેતીની માવજત શરૂ કરી હતી.

નવેમ્બર માસથી જિલ્લામાં શિયાળાએ પોતાની આક્રમકતાના તેવર દેખાડ્યાં હતાં અને હજુ પણ જિલ્લો કાતિલ ઠંડીના આવરણમાંથી બહાર આવ્યો નથી. ૯૦ દિવસમાં બટાટાની ખેતી તૈયાર થઈ જતી હોય છે અધિકાંશ ખેડૂતોએ ૭૫ દિવસમાં પાકતા કચ્ચારા બટાટાની ખેતી કરી હતી અને તેના એકંદરે સારા ભાવ મળતાં ખેડૂતોએ બારોબાર ખેતરમાંથી જ બટાટા વેચવાની શરૂઆત કરી હતી. જો કે હવે જિલ્લામાં બટાટાની પાક ઉપજ શરૂ થઈ જતાં બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, ઈડર, હિંમતનગર, માલપુર વિસ્તારમાં ખેતરો બટાટાની પાક ઉપજમાં પરોવાયેલા ખેડૂતોથી ધમધમી રહી છે. દિવસ-રાત બટાટા કાઢવાની કામગીરી ચાલી રહી છે.

ગત વર્ષના ઓછા ભાવના ખરાબ અનુભવથી ખેડૂતો હવે કોઈ જોખમ ઉઠાવવા તૈયાર નથી અને જે ભાવ મળ્યો તે ભાવે બારોબાર વેપારીઓને બટાટાનું વેચાણ કરતા હોવાનું પણ જાણવા મળેલ છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે લગ્નગાળાની સીઝન હોવાથી મોં માગ્યા દામ આપવા છતાં ખેતમજૂરો મળતા નથી. જો કે ખેતીના વ્યવસાયને પ્રોત્સાહન આપવા સરકારે જ ટેકાના ભાવે બટાટાની ખરીદી કરી માર્કેટમાં ઠાલવવી જોઈએ તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

ધનસુરાના બુટાલ ખાતે રમત ગમતના મેદાન અને ઓપન જિમનું લોકાર્પણ કરાયું

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુટાલ ખાતે રમત ગમતનું મેદાન,ટ્રેક અને ઓપન જિમનું લોકાર્પણ કલેક્ટર શ્રી નરેન્દ્રકુમાર મીનાના હસ્તે કરવામાં આવ્યું હતું. ધનસુરા તાલુકાના બુટાલ ગામે રમતવીરો માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મહાત્મા ગાંધી નરેગા યોજનાના સહયોગથી બાળકો રમત ગમત ક્ષેત્રે આગળ વધે અને બાળકોના શરીરની તંદુરસ્તી જળવાય તે માટે બુટાલ ગામે ક્રિકેટ, વોલીબોલ કબડ્ડીનું મેદાન તથા લાંબી અને ઉંચી કુદ મો મેદાન તથા દોડ માટેના રનીંગ ટ્રેક સહિત ઓપન જિમનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ લોકાપર્ણ વેળાએ કલેક્ટર તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ નિયામક શ્રી દાવેરા, ગ્રામજનો અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.